Extra No. 227

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારી

ઝાલોદની કચેરી

પ્રાંત-ઝાલોદ, જિ. દાહોદ, ૨૨મી જૂન, ૨૦૨૫

વાંચ્યો:-

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ/ચટણ/ગ્રા.પં.સ્થા.સ્વ./૩૬(૩)/૨૦૧૧, તા.૧૩/૦૬/૨૦૧૧.

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક: ચટણ/ગ્રા.પં./જાહેરનામું/ઝાલોદ/૨૦૨૫, તારીખ: ૦૨/૦૬/૨૦૨૫.

(૩) ચૂંટણી અધિકારીશ્રી મોટીહાંડી ગ્રામ પંચાયત અને વિસ્તરણ અધિકારી, મહેસુલ, તાલુકા પંચાયત કચેરી ઝાલોદનો તા.૨૨/૦૬/૨૦૨૫નો અહેવાલ.

(૪) નિર્દિષ્ટ અધિકારી અને મામલતદારશ્રી ઝાલોદના પત્ર નંબર: ગમપ/વશી/૧૩૫૨/૨૦૨૫, તા.૨૨/૦૬/૨૦૨૫.

(૫) ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૪૯ની જોગવાઈ.

પ્રસ્તાવના :-

નં.ગમપ/ચટણ/વશી.૫૫૦૮ થી ૫૫૨૫/૨૦૨૫ રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના ઉક્ત વંચાણે લીધેલ આમુખ-૧ ના આદેશથી રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી તરીકે અમોને સત્તા સુપ્રત થયેલ છે.

આમુખ-૨ માં જણાવ્યા અનુસાર દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની મોટીહાંડી ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી અંગેનુ જાહેરનામું અત્રેથી તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ અને મતદાનની તારીખ તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ મુકરર કરવામાં આવેલ.

આમુખ-૩ થી વંચાણે લીધેલ અહેવાલની વિગતે ચૂંટણી અધિકારીશ્રી મોટીહાંડી ગ્રામ પંચાયત અને વિસ્તરણ અધિકારી, મહેસૂલ, તાલુકા પંચાયત કચેરી ઝાલોદનાઓએ તેઓના તા.૨૨/૦૬/૨૦૨૫ના પત્રથી જણાવેલ છે કે, મોટી હાંડી ગ્રામ પંચાયતના મતદાન મથક નં.૧૫૨, મોટીહાંડી-૨, ધામણખોબરા વર્ગ પશ્ચિમ બાજુ રૂમ નં.૨ માં મતદાન દરમ્યાન બે જુથ વચ્ચે થયેલા તોફાનમાં સરપંચના બેલેટ પેપર કુલ-૪૩ નંગ, વોર્ડ નં.૪ ના બેલેટ પેપર કુલ-૨૧ નંગ, વોર્ડ નં.૫ ના બેલેટ પેપર કુલ-૨૨ નંગ તોફાની ટોળામાં માણસો ઉઠાવી ગયેલ છે. જેથી મોટી હાંડી ગ્રામ પંચાયતના મતદાન મથક નં.૧૫૨, મોટીહાંડી-૨, ધામણખોબરા વર્ગ પશ્ચિમ બાજુ રૂમ નં.૨ નું પુન: મતદાન કરાવવા અહેવાલ મોકલી આપેલ છે. જેથી ચૂંટણી અધિકારીશ્રી દ્વારા મોજે-મોટીહાંડી ગ્રામ પંચાયતની મતદાન મથક નં.૧૫૨, મોટીહાંડી-૨, ધામણખોબરા વર્ગ પશ્ચિમ બાજુ રૂમ નં.૨ની સરપંચ તથા વોર્ડ નંબર.૪ અને વોર્ડ નં.૫ ની ચૂંટણી અંગે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ ૪૯(૧)(ગ) હેઠળ જાણ કરેલ છે.

વંચાણે લીધેલ આમુખ-૫ ના ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ ના નિયમ-૪૯(૧)(ક)(૧)ની વિગતે "મતદાન મથકે વાપરેલા કે વાપરવા ધારેલા કોઈ મતપેટી કે મતપત્રો, પ્રમુખ અધિકારીની અથવા ચૂંટણી અધિકારીની કસ્ટડીમાં ગેરકાયદેસર લઈ જવામાં આવે" તો સદર નિયમોના નિયમ-૪૯ (૨)(૧) ચૂંટણી પંચ તમામ મહત્ત્વની હકીકતો અને સંજોગો ધ્યાનમાં લીધા પછી તે મતદાન મથકની ચૂંટણી રદ થઈ શકે તેમ જાહેર કરશે અને તે મતદાન મથકે નવી ચૂંટણી કરવા માટેના દિવસ અને સમય નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલ દિવસ અને સમય પોતાના યોગ્ય લાગે તે રીતે જાહેર કરશે"

ચૂંટણી અધિકારીશ્રી દ્વારા તેઓના અહેવાલમાં જણાવેલ છે કે મોટીહાંડી ગ્રામ પંચાયતનાં મતદાન મથક નં.૧૫૨, મોટીહાંડી-૨, ધામણખોબરા વર્ગ પશ્ચિમ બાજુ રૂમ નં.૨ માં મતદાન દરમ્યાન બે જુથ વચ્ચે થયેલા તોફાનમાં સરપંચના બેલેટ પેપર કુલ-૪૩ નંગ, વોર્ડ નં.૪ ના બેલેટ પેપર કુલ-૨૧ નંગ, વોર્ડ નં.૫ ના બેલેટ પેપર કુલ-૨૨ નંગ તોફાની ટોળામાં માણસો ઉઠાવી ગયેલ છે. જેથી મતદાન મથકેથી પ્રમુખ અધિકારી પાસેથી ઉક્ત મુજબના મતપત્રો તોફાની ટોળામાં માણસો લઈ ગયેલ હોવાનું સાબિત થતુ હોઈ, આમુખ(૫) માં જણાવેલ નિયમોના નિયમ-૪૯ (૨)(૧) હેઠળ તથા આમુખ-૧ થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હૂકમ કરવામાં આવે છે.

હુકમ

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની મોટીહાંડી ગ્રામ પંચાયતના મતદાન મથક નં.૧૫૨, મોટીહાંડી-૨, ધામણખોબરા વર્ગ પશ્ચિમ બાજુ રૂમ નં.૨ ની સરપંચ પદની તથા વોર્ડ નં.૪ અને વોર્ડ નં.પના સભ્યપદની આજ તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ આયોજિત ચૂંટણી રદ કરવામાં આવે છે અને હવે પછી દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની મોટીહાંડી ગ્રામ પંચાયતના મતદાન મથક નં.૧૫૨, મોટીહાંડી-૨, ધામણખોબરા વર્ગ પશ્ચિમ બાજુ રૂમ નં.૨ ની સરપંચ પદની તથા વોર્ડ નં.૪ અને વોર્ડ નં.પના સભ્યપદની ચૂંટણી તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૭:૦૦ કલાક થી સાંજના ૦૬:૦૦ કલાક દરમિયાન અગાઉ નિયત થયેલ મતદાન મથકે યોજવા આથી હુકમ કરવામાં આવે છે.

વધુમાં ચૂંટણી અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે કે, મોટીહાંડી ગ્રામ પંચાયતના મતદાન મથક નં.૧૫૨, મોટીહાંડી-૨, ધામણખોબરા વર્ગ પશ્ચિમ બાજુ રૂમ નં.૨ ની સરપંચ પદની તથા વોર્ડ નં.૪ અને વોર્ડ નં.પના સભ્યપદની ચૂંટણી માટે ઉપયોગમાં લેવાનાર મતપત્રો પુન: છપાવવાના રહેશે તથા સબંધિત મતદાન મથકના પ્રમુખ અધિકારીશ્રીને હૂકમ કરવામાં આવે છે કે, જે મતદારો રદ થયેલ ચૂંટણીમાં મતદાન કરી ચૂક્યા છે તેઓને પુન: મતદાનના સમયે ડાબા હાથની બીજી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાન કરવાનું રહેશે.

હુકમનો તાત્કાલિક અમલ કરવો.

એ. કે. ભાટીયા,
રાજય ચૂંટણી આયોગના અધિકારી અને
પ્રાંત અધિકારી, ઝાલોદ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.06.25 16:13:40 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar